


# ક્વાલિફાયર-૧માં અંતિમ ૧૩ બોલમાં ચેન્નાઇએ મેચ આંચકી

**મુંબઇ,**
ઇન્ડિયન પ્રિમિયર લીગ-૧૧ની અતિ રોમાંચક અને દિલધડક મેચમાં ગઇકાલે રાત્રે ચેન્નાઇ સુપર કિંગ્સે સનરાઇઝ હૈદરાબાદ પાસેથી જીતેલી મેચ આંચકી લીધી હતી. આ જીત મેળવીને ચેન્નાઇ સુપર કિંગ્સે ફાઇનલમાં કુચ કરી લીધી હતી. લો સ્કોરિંગ મેચમાં આઇપીએલના લીગ તબક્કામાં ટોપના બે સ્થાને રહેલી બંને ટીમોએ ઝડપથી વિકેટો ગુમાવી હતી. ડુ પ્લેસીસ સિવાય બાકીના તમામ બેટ્સમેનો ફ્લોપ રહ્યા હતા. ૧૮મી ઓવર પૂર્ણ થઇ ત્યારે ચેન્નાઇએ સાત વિકેટ ગુમાવીને ૯૭ રન કર્યા હતા. તેની જીત અશક્ય દેખાઇ રહી હતી.

૧૪૦ રનના લક્ષ્યાંકનો પીછો કરતા તેની હાલત કફોડી થયેલી હતી. ચેન્નાઇ સુપરના ચાહકો નિરાશામાં ડુબેલા હતા. જો કે ૧૮મી ઓવર પૂર્ણ થયા બાદ પ્લેસીસ અને ઠાકુરે જોરદાર બેટિંગ શરૂ કરી હતી. સનરાઇઝ હૈદરાબાદના તમામ શાનદાર બોલરો સામે ટાર્ગેટને પાર પાડીને ચેન્નાઇએ તે કેમ નંબર વન અને હોટફેવરીટ છે તેની સાબિતી આપી હતી. મુંબઇના વાનખેડે સ્ટેડિયમ ખાતે બોલરોને મદદ પણ મળી રહી હતી. ક્રિજ પર જામેલા દક્ષિણ આફ્રિકાના કેપ્ટન ડુ પ્લેસીસે બાજી રાખી હતી. કાર્લોસના બોલિંગમાં હરભજને પ્રથમ બોલ પર એક રન લઇને પ્લેસીસને સ્ટ્રાઇક આપી દીધી હતી. પ્લેસીસે ત્યારબાદ ચોગ્ગાની સાથે શરૂઆત કરી હતી. ત્યારબાદ પ્લેસીસે છગ્ગો ફટકારી દીધો હતો. ત્યારપછીના બોલમાં ફરી ચોગ્ગો ફટકારીને પ્લેસીસે જોરદાર આશા જગાવી હતી. ત્યારબાદ બે રન લેવાના ચક્કરમાં હરભજન રન આઉટ થઇ ગયો હતો. ચોગ્ગો ફટકારીને પ્લેસીસે ઓવર પૂર્ણ કર્યો હતો. આ ઓવરમાં ૨૦ રન બન્યા હતા. ત્યારબાદ છેલ્લા બે ઓવરમાં ૨૩ રનની જરૂર હતી. સિદ્ધાર્થ કૌલના પ્રથમ બોલ પર ચોગ્ગો મળી ગયો હતો. બીજા બોલ પર પણ ચોગ્ગો જતો રહ્યો હતો. ત્રીજા બોલ પર ઠાકુરે એક રન લઇ લીધો હતો. ઓવરમાં ચોથો બોલ વાઇડ રહ્યો હતો. ત્યારબાદ આગામી બે બોલમાં ત્રણ રન બન્યા હતા. ઠાકુરે છેલ્લા બોલમાં શાનદાર ચોગ્ગો ફટકારી જીતની આશા મજબુત બનાવી લીધી હતી. છેલ્લી ઓવરમાં ચેન્નાઇને છ રનની જરૂર હતી. ત્યારબાદ ભુવનેશ્વર કુમારને બોલિગં સોંપવામાં આવી હતી. જો કે પ્લેસીસે પ્રથમ બોલ પર જ છગ્ગો ફટકારીને પોતાની ટીમને જીત અપાવી દીધી હતી. આની સાથે જ ચેન્નાઇએ રોમાંચક રીતે ફાઇનલમાં પ્રવેશ કરવામાં સફળતા મેળવી હતી. ચેન્નાઇના બેટ્સમેનોએ છેલ્લા૧૩ બોલમાં ૪૩ રન બનાવ્યા હતા. અને અશક્ય બાબતને શક્ય કરીને બતાવી હતી. મેચમાં તમામ ચાહકો ભારે રોમાંચિત થઇ ગયા હતા.

**ટોપ ટીમને તમામ મેચોમાં હરાવીને તાકાત દર્શાવી**

## ચેન્નાઇની ફાઇનલ સુધી સફર

- સાતમી એપ્રિલના દિવસે રમાયેલી પ્રથમ મેચમાં ચેન્નાઇ સુપરે મુંબઇ ઇન્ડિયન્સ પર એક વિકેટે જીત મેળવી લીધી હતી. આ મેચ મુંબઇ ખાતે રમાઇ હતી
- દસમી એપ્રિલના દિવસે રમાયેલી પાંચમી મેચમાં ચેન્નાઇ ખાતે કોલકત્તા પર ચેન્નાઇએ પાંચ વિકેટે જીત મેળવી હતી
- ૧૫મી એપ્રિલના દિવસે મોહાલીમાં રમાયેલી ૧૨મી મેચમાં પંજાબે ચેન્નાઇ પર ચાર રન જીત મેળવી લીધી હતી
- ૨૦મી એપ્રિલના દિવસે ૧૭મી મેચમાં કોલકાતામાં ચેન્નાઈ સુપર કિંગ્સની રાજસ્થાન રોયલ્સ ઉપર ૬૪ રને જીત મેળવી લીધી હતી
- ૨૨મી એપ્રિલના દિવસે હૈદરાબાદમાં સનરાઇઝ પર ચેન્નાઇ સુપરની ચાર રને જીત થઇ
- ૨૫મી એપ્રિલના દિવસે બેંગલોરમાં ૨૪મી મેચમાં ચેન્નાઇ સુપર કિંગ્સની રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર પર પાંચ વિકેટે જીત
- ૨૮મી એપ્રિલના દિવસે રમાયેલી મેચમાં ચેન્નાઈ સામે મુંબઈની આઠ વિકેટે જીત થઈ. આ મેચ આઈપીએલની ૨૭મી મેચ હતી
- ૩૦મી એપ્રિલના દિવસે રમાયેલી મેચમાં ચેન્નાઇ સુપરે દિલ્હી પર ૧૩ રને જીત મેળવી હતી. આઈપીએલની આ ૩૦મી મેચ હતી
- ત્રીજી મેના દિવસે આઇપીએલની ૩૩મી મેચમાં કોલકત્તા નાઇટ રાઇડર્સે ચેન્નાઇ સુપર પર છ વિકેટે જીત મેળવી લીધી હતી
- પાચમી મેના દિવસે આઇપીએલની ૩૫મી મેચમાં ચેન્નાઈની રોયલ ચેલેન્જર્સ પર છ વિકેટે જીત
- ૧૧મી મેના દિવસે આઇપીએલની ૪૩મી મેચમાં ચેન્નાઇ પર રાજસ્થાને ચાર વિકેટે જીત મેળવી
- ૧૩મી મેના દિવસે આઇપીએલની ૪૬મી મેચમાં ચેન્નાઇ સુપરે હૈદરાબાદ પર આઠ વિકેટે જીત મેળવી લીધી હતી
- ૧૮મી મેના દિવસે રમાયેલી આઇપીએલની ૫૨મી મેચમાં દિલ્હીની ચેન્નાઇની સામે જીત થઇ
- ૨૦મી મેના દિવસે રમાયેલી આઇપીએઅલની ૫૬મી મેચમાં ચેન્નાઇએ પંજાબ પર પાંચ વિકેટે જીત મેળવી લીધી હતી
- ૨૨મી એપ્રિલના દિવસે મુંબઇમાં રમાયેલી આઇપીએલ-૧૧ની પ્રથમ ક્વાલિફાયરમાં ચેન્નાઇએ હૈદરાબાદ પર બે વિકેટે જીત મેળવી

# જલુંધમાં લગ્નમાં ડાન્સની બાબતે મારામારી

**આણંદ,**
ખંભાત તાલુકાના જલુંધ ગામમાં લગ્નમાં ડાન્સની બાબતે રીસ રાખીને છોકરાના ઝઘડામાં વાત વણસી જતા કુહાડી મારે ઈજાઓ કરી હોવાની ફરિયાદ નોંધાઈ છે. જલુંધની કાણીસા ચોકડીએ રહેતા બાબુભાઈ રમણભાઈનો પરીવાર લગ્નપ્રસંગે ગયો હતો ત્યારે વરઘોડામાં ડાન્સ કરવા બાબતે બાબુભાઈ પરમાર સાથે બોલાચાલી થઈ હતી. જેની રીસ રાખીને જયંતિભાઈ સહિત ચાર જણાએ બાબુભાઈને ઘેર આવીને ગાળો ભાંડી હતી. અને લગ્નમાં ડાન્સ બાબતે ઝઘડો કેમ કર્યો હતો તેવું કહીને બાબુભાઈની પત્ની ડહીબેનને કુહાડી મારી હતી. બાબુભાઈ અ ને તેમ નો દીકરો રમેશ તથા દીકરીએ ડહીબેનને છોડાવવા જતા તેમને પણ ગડદાપાટુનો માર મારી ઈજાઓ કરી હતી. જેથી બાબુભાઈ પરમારે ખંભાત ગ્રામ્ય પોલીસ મથકે જયંતિભાઈ પરમાર, ચંદુ પરમાર, અલ્કેશ પરમાર, કમલેશ પરમાર વિરુદ્ધ ફરીયાદ નોંધાવી હતી.

## ભિલોડા તાલુકાના જાયલા ગામ પાસે કાર ચાલકે યુવાનને ટક્કર મારતાં ગંભીર રીતે યુવાન ઘવાયો

**ભિલોડા,**
ભિલોડા તાલુકાના જાયલા ગામ પાસે કાર ચાલકે યુવાનને ધડાકાભેર ટક્કર મારતાં ગંભીર રીતે યુવાન ઘવાયો હતો.ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.ના જણાવ્યા મુજબ ભિલોડા-વિજયનગર ધોરીમાર્ગ ઉપર આવેલ જાયલા ગામ પાસેથી પસાર થઈ રહેલ મારૂતી ઈક્કો કાર નંબર.જી.જે.૦૯.બી.ઈ.૨૦૪૦ ના ચાલકએ પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે માર્ગ ઉપર રોંગ સાઈડ કાર હંકારતા માર્ગની સાઈડમાં ઉભો રહેલો ધ્રુવલકુમાર બરંડાને ધડાકાભેર ટક્કર મારતા યુવાનના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી તેમજ શરીર ઉપર વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચાડી ઈક્કો કાર ચાલક ઘટનાસ્થળેથી પલાયન થઈ ગયો હતો.જાયલા ગામનો યુવાન ગંભીર રીતે ઘવાતા સારવાર અર્થે ખસેડાયો હતો.જાયલા ગામના અમૃતલાલ બરંડાએ ઈક્કો કાર ચાલક વિરુધ્ધ પોલીસ સ્ટેશનમાં અકસ્માતના બનાવ સંદર્ભે ફરીયાદ નોંધાવતાં પોલીસએ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ગુજરાત રાજ્ય પ્રા. શિક્ષક ઉત્કર્ષ મંડળની રાજ્યકારોબારીની બેઠક શામળાજી ખાતે યોજાઈ

**ભિલોડા,**
અરવલ્લી જિલ્લાના શામળાજી ખાતે ગુજરાત રાજ્ય પ્રા.શિક્ષક ઉત્કર્ષ મંડળની કારોબારી બેઠક યોજવામાં આવી હતી. જેમાં ગીર સોમનાથ, અમદાવાદ, ખેડા, પાટણ, બનાસકાંઠા, દાહોદ, જૂનાગઢ, સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લાના પ્રતિનિધિ તથા સભ્યો હાજર રહ્યા હતા.


(તસ્વીરઃ-જીત ત્રિવેદી, ભિલોડા)

આ કારોબારીમાં ઉત્કર્ષ મંડળના પ્રમુખ તરીકે રજનીકાન્ત કાપડીયા અને કાર્યકારી મહામંત્રી તરીકે અરવલ્લી જિલ્લાના રણજીતકુમાર વણકરની નિમણૂંક કરવામાં આવી હતી. કાર્યક્રમનું સમગ્ર સંચાલન મગનભાઈ વણકરના માર્ગદર્શન હેઠળ અશ્વિન રાઠોડે કર્યું હતું. તથા અરવલ્લી જિલ્લા ઉત્કર્ષ મંડળના પ્રમુખ જિતેન્દ્ર પંડ્યા તથા કમલેશ પરમાર, વિનુભાઈ રાઠોડ, પ્રકાશ વણકર દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા ખૂબ જહેમત ઉઠાવી હતી★

# સંજેલી તાલુકાની ગ્રામ સભાઓ દશ મીનીટમાં પુર્ણ થતા લોકોમાં આશ્ચર્ય

**સંજેલી,**
સંજેલી તાલુકાની ગ્રામ પંચાયત વિસ્તારોમાં ગ્રામસભા યોજાઈ રહી છે ત્યારે ગ્રામસભાના એજન્ડા ગામના મુખ્ય આગેવાનો તેમજ ગ્રામજનો સુધી પહોંચાડવામાં આવતા નથી જેથી ગામમાં જાગૃતતા આવતી નથી માત્ર ગણ્યા ગાંઠયા અંગત માણસો બોલાવી ગ્રામસભાઓ દસ-પંદર મીનીટમાં પૂર્ણ કરી દેવામાં આવે છે જેને લઈ ગ્રામજનોમાં આક્રોશ જોવા મળી રહયો છે. સંજેલી તાલુકામાં ૧૮ ગ્રામ પંચાયતોનો સમાવેશ થાય છે. સંજેલી તાલુકો આદીવાસી બાહુલ્ય ધરાવતો તાલુકો છે. તેમજ જંગલ અને ડુંગરાળ વિસ્તાર ધરાવતો તાલુકો છે તાલુકાની દરેક ગ્રામ પંચાયતમાં લગભગ ૩૦૦૦ હજારથી વધુ વસ્તી ધરાવતી પંચાયતો છે હાલ નાણાંકીય વર્ષ પુર્ણ થતા પ્રથમ ગ્રામસભા દરેક પંચાયતોમાં શરૂ કરી દેવામાં આવી છે. યોજાનારી દરેક ગ્રામસભામાં માત્ર ૩૦ થી ૪૦ માણસોની હાજરી જોવા મળતી હોય છે તેમજ અધિકારીઓ પણ સમયસર ગ્રામસભામાં જોવા મળતા નથી જેથી ગ્રામ સભાઓ શરૂ થતાની સાથે જ દસથી પંદર મીનીટમાં પુર્ણ થઈ જાય છે જેને લઈ ગ્રામસભાનો હેતુ જળવાતો નથી તેમજ વિકાસની વાતો કે અન્ય મુદ્દાઓ ચર્ચાતા જોવા મળતા નથી જેથી વિકાસના કામો યોગ્ય પ્રમાણ તેમજ યોગ્ય જગ્યાએ જોવા મળતા નથી જેથી ગ્રામસભાના એજન્ડા યોગ્ય પ્રમાણમાં ગામમાં ફેરવવામાં આવે અને ગ્રામસભામાં મુદ્દા ચર્ચા કરવામાં આવે તે જરૂરી છે. સંજેલી ખાતે યોજાનારી ગ્રામ સભામાં પણ ગણ્યા ગાઠીયા માણસો જોવા મળતા હતા જેમાં પણ ગામના હાજર આગેવાનો દ્વારા ગ્રામ સભાના એજન્ડા ગામમાં ફેરવવા માટે રજુઆત કરવામાં આવી હતી તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્રની બાંધકામ માટેની ચર્ચા કરવામાં આવી હતી તેમજ દબાણો દુર કરવા માટે પણ રજુઆત કરવામાં આવી હતી. ★

# મોડાસા શહેરમાં આખરે ફૂડ એન્ડ ડ્રગ તંત્ર ૫ જથ્થા બંધ કેરીના વેપારીઓના ત્યાં દરોડાઃ ૧૨૦૦ કિલો અખાદ્ય કેરીનો નાશ

**મોડાસા,**
અરવલ્લી જીલ્લામાં ઈથેલીન અને કાર્બાઈડ થી કેરીઓ પકવી મોડાસા શહેર સહીત અરવલ્લી જિલ્લાના પ્રજાજનોના પેટમાં કેટલાક લેભાગુ વેપારીઓ ઝેર પધરાવી રહ્યા હોવાની અનેક બૂમો ઉઠ્યા બાદ અને ફૂડ એન્ડ ડ્રગ તંત્ર વિભાગના અમુક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓની મીલીભગત અને ખિસ્સા ગરમ કરી ઈથેલીન અને કાર્બાઈડ સહીત અન્ય ચાઈના બનાવટનું કેમિકલ છાંટી વેપારીઓ કેરીઓ પકવી કોઈ પણ જાત નો ડર ન હોય તેમ બેખોફ બનતા મોડાસા શહેરના ૫ હોલસેલ વેપારીઓને ત્યાં ફૂડ એન્ડ ડ્રગના વિભાગે દરોડા પાડી ૧૨૦૦ કિલો અખાદ્ય કેરી ના જથ્થાનો નાશ કર્યો હતો અરવલ્લી જીલ્લામાં ફૂડ એન્ડ ડ્રગ વિભાગ ની નબળી કામગીરીથી ખાદ્ય ચીજ વસ્તુઓમાં મિલાવટ સામાન્ય બની છે જિલ્લા સહીત મોડાસા શહેરમાં ઠેર ઠેર કેરીઓના હોલસેલ વેપારીઓ કાર્બાઈડ અને ઈથિલીનનો ઉપયોગ કરી ફાળો પકવવાનો ગોરખધંધો ફૂલો ફાલ્યો છે તેમ છતાં ફૂડ એન્ડ ડ્રગ તંત્ર અને આરોગ્ય વિભાગે આંખે પાટા બાંધ્યા હોય તેમ ખાનાપૂર્તિ કામગીરી કરી રહ્યા છે બુધવારે ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા મોડાસા શહેરના ૫ હોલસેલ કેરીના વેપારીઓના ત્યાં દરોડા પાડી ૧૨૦૦ કિલો અખાદ્ય કેરીના જથ્થો ઝડપી પાડી કેરીઓનો નાશ કરતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો ઈથિલીન ની પડીકીઓ પણ કેરીઓના બોકસ માંથી મળી આવતા વેપરીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.


(તસ્વીર :ઇકબાલ ચિસ્તી - મોડાસા)

## પ્રાંતિજ રોડ ઉપર ઉભેલાં ઈસમને ટકકર મારી ટેમ્પો ચાલક રફુચક્કર

**પ્રાંતિજ,**
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના કમાલપુર પાસે આવેલ સકલ સીનીમા નજીક રોડ ની સાઈડમાં ઉભેલ ઈસમ ને ટેમ્પો ચાલકે ટકકર મારી શરીરે ઈજાઓ પહોચાડી તથા પગે ફેક્ચર કરી નાસી જતાં પોલીસ ફરીયાદ થઈ . પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ આ કામના આરોપી ચાલકે પોતાનાં કબજા નો ટેમ્પો નંબર- જ્ઞ-૦૯-છફ-૭૧૮૫ નો પુરઝડપે ગફલતભરી અને બેદરકારી રીતે હંકારી લાવી સર્વિસ રોડ ઉપર ઉભેલા ફરીયાદી ના ભાઈ હર્ષદભાઈ ગોરધનભાઈ તળપદા ને એકદમ જમણાં પગે ટકકર મારી રોડ ઉપર પાડી દઈ જમણાં પગે ફેક્ચર કરી તેમજ શરીરે વતાઓછી ઈજાઓ પહોંચાડી ટેમ્પો લઈ નાસી જતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં ફરીયાદી યોગેશકુમાર ગોરધનભાઈ તળપદા ઉ.વ.૨૮, રહે- વાંઠવાળીગામ તા.મહેમદાવાદ, જી-ખેડા ફરીયાદ કરતાં પોલીસે રીક્ષા ચાલક વિરુધ્ધ ગુનોનોંધી આગળ ની કાર્યવાહી હાથધરી છે.

# મેઘરજના કસાણા ગામે સા. કાં જીલ્લા મ. સહકારીબેંકની નવિન શાખાનો પ્રારંભ



(તસ્વીર : આશિષ વાળંદ - મેઘરજ)

**મેઘરજ,**
બુધવારના રોજ સા.કાં મધ્યસ્થ સહકારી બેંકની ૧૨૭ મી નવિન શાખાનો શુભારંભ સા.કાં જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન મહેશભાઈ.એ.પટેલ ના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો.જેમાં સા.કાં જી.મધ્યસ્થ સહકારી બેંકના સીઓ એચ.પી. નાયક,સા.કા.બેકં મેઘરજના ડીરેકટર એન.ટી. ઉપાધ્યાય, કસાણા સે.સ.મંડળીના ચેરમેન સાંજાભાઈ ડામોર,મેઘરજ તા.પં.પ્રમુખ દિલીપભાઈ સુવેરા, કસાણા પંચાયતના સરપંચ કે.બી.મનાત તેમજ આજુબાજુ વિસ્તારના સેક્રેટરીઓ, ચેરમેનો, સભાસદો અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

**સંઘપ્રદેશ અને વાપીથી ઉંમરગામ સુધીના ઔદ્યોગિક વિસ્તારને આવરી લેતા**

# વાપી રેલવે સ્ટેશન હજુ પણ ઉપેક્ષાના શિકાર : રૂ.૧૨૫ કરોડનું રેવન્યુ રળવા છતાં એ-વન ગ્રેડનો દરજ્જો સ્ટેશનને મળ્યો નથી

**વલસાડ,**
સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને વાપીથી ઉંમરગામ સુધીના ઔદ્યોગિક વિસ્તારના આવરી લેતા વાપી રેલવે સ્ટેશન હજુ પણ ઉપેક્ષાનો શિકાર બની રહ્યું હોવાનો જનમત પ્રવર્તી રહ્યો છે. રૂા.૧૨૫ કરોડ કરતા વધારેનું રેવન્યુ રળી આપતા વાપી રેલવે સ્ટેશન સાથે ઘણાં વર્ષોથી ઓરમાયુ વર્તન તંત્ર દ્વારા દાખવવામાં આવી રહ્યું છે. વાપી રેલવે સ્ટેશન સાથે ત્રણ-ત્રણ સાંસદો સંકળાયેલા છે. ત્રણ ધારાસભ્યો પ્રતિનિધિત્વ કરે છે અને સંઘપ્રદેશના પ્રશાસકશ્રી પણ વાપી રેલવે સ્ટેશન ઉપર જ મધર રાખે છે ત્યારે વાપી રેલવે સ્ટેશનને એ ગ્રેડજમાંથી એ-વન ગ્રેડનું અપગ્રેડેશન કરાયું નથી. વાપી ખાતે ગુજરાત મેલ, સૂર્યનગરી એક્સપ્રેસ, ગોવા સંપર્ક ક્રાંતિ તથા ઈન્દોર તરફ જતી કોઈપણ એક ટ્રેનનું સ્ટોપેજ અપાવવું જોઈએ. ગુજરાત ક્વીનને વાપી સુધી લંબાવવાનું હજુ સુધી સાર્થક થઈ શક્યું નથઈ. વલસાડના સાંસદ લાલુભાઈ પટેલ તેમજ દાદરા નગર હવેલીના સાંસદ શ્રી નટુભાઈ પટેલનો અવાજ રેલવે મંત્રાલય સુધી હજુ પહોંચ્યો નથી તે આ વિસ્તાર માટે ખૂબ જ શરમજનક લેખાઈ રહ્યું છે. વાપી રેલવે સ્ટેશનની દશા અને દિશા સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલ પટેલ જ સુધારી શકે એવો એક જનમત ઉભો થયો છે. ★


(તસ્વીરઃ-અશોક જોષી, વલસાડ)

# ઈડરના વસાઈમાં રક્તદાન કેમ્પ યોજાયો

**ઈડર,**
ઈડર તાલુકાના વસાઈ ગામમાં રક્તદાન કેમ્પ યોજાયો હતો. ઈડરની શ્રીમતી ડાહીબેન રતીલાલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ત્રિમૂર્તિ વોલન્ટરી બ્લડ બેંક તથા વસાઈ ગામની વિવિધ સંસ્થાઓના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ગામના યુવાનો દ્વારા ઉત્સાહભેર ભાગ લઈ રક્તદાન મહાન છે તેવી ભાવના સાથે જોડાયા હતા. આ કેમ્પ દ્વારા જરૂરિયાતમંદ લોકોને રક્ત એકત્રિત કરાય છે. આ સંસ્થા દ્વારા અવાર-નવાર આ પ્રકારના કેમ્પ કરી રક્ત એકત્રિત કરવાની સાથે અનેક લોકોને રક્તદાન થકી કોઈના જીવન બક્ષવાની પ્રેરણા પણ અપાય છે.★


(તસ્વીરઃ-ધવલ ચૌધરી - ઈડર)

**અર્ચિત ઓર્ગેનોસિસ લિમિટેડ**
રજી. ઓફિસઃ પ્લોટ નં. ૨૫/૯-એ, ફેઝ-III, જી.આઈ.ડી.સી. નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦. ફોન : 079-26873340
E-Mail: share@architorg.com Website: www.architorg.com CIN: L24110GJ1993PLC019941

**નોટીસ**
આથી નોટીસ આપવામાં આવે છે કે સેબી (લિસ્ટીંગ ઓબ્લિગેશન્સ અને ડિસ્કલોઝર રીકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના રેગ્યુલેશન ૪૭ને રેગ્યુલેશન ૨૯ સાથે વાંચતા કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક કંપનીની રજીસ્ટર્ડ ઓફીસ ખાતે ૩૦.૦૫.૨૦૧૮ ને બુધવારના રોજ કંપનીના ૩૧.૦૩.૨૦૧૮ ના રોજ પૂર્ણ થતા ત્રિમાસિક તથા વાર્ષિક ઓડીટ થયેલા નાણાકીય પરિણામો ને મંજૂરી આપવા તથા અન્ય કાર્યો (જો કોઈ હોય તો) માટે યોજાશે.
આ માહિતી કંપનીની વેબસાઇટ www.architorg.com તથા બીએસઈ લિમિટેડ (www.bseindia.com) પર ઉપલબ્ધ છે.
વતી, અર્ચિત ઓર્ગેનોસિસ લિમિટેડ
તારીખ : ૨૩મી મે, ૨૦૧૮ સહી/– કંદર્પ અમીન
સ્થળ : અમદાવાદ ચેરમેન અને હોલ ટાઇમ ડાયરેક્ટર - (DIN : 00038972)

**KHYATI MULTIMEDIA ENTERTAINMENT LIMITED**
CIN: L92199GJ1995PLC024284
100, Chinubhai Towers, Opp: Handloom House, Ashram Road, Navrangpura, Ahmedabad-380009. Tel No: 079-26582983, Fax: 079-26584335
E-mail: khyatimulti@yahoo.com | Website: www.khyatimultimedia.com

**NOTICE**
Notice is hereby given pursuant to 29 read with Regulation 47 of the SEBI (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015 that the meeting of Board of Directors of the Company will be held at the Registered Office: 100, Chinubhai Tower, Opp: Handloom House, Ashram Road, Navrangpura, Ahmedabad-380009 on Wednesday, 30th May, 2018 to Consider, Approve and take on record the Audited Financial Results of the quarter ended and Year Ended on 31st March, 2018.
The said Notice can be accessed from the Company's website – www.khyatimultimedia.com and also be accessed on the Stock Exchange website – www.bseindia.com.
**Date: - 22/05/2018** For, KHYATI MULTIMEDIA-ENTERTAINMENT LIMITED
**Place: - Ahmedabad** Sd/- (KARTIK J.PATEL) CHAIRMAN & MANAGING DIRECTOR DIN: 00047862

**રીધ્ધી કોર્પોરેટ સર્વિસીસ લિમિટેડ** (CIN: L74140GJ2010PLC062548)
રજી. ઓફિસ : ૧૦, મીલ ઓફિસર્સ કોલોની, જુની આરબીઆઈ પાછળ, આશ્રમરોડ, અમદાવાદ - 380009 Phone : (079) 26580767
Web: www.riddhicorporate.co.in & E-Mail Id : Investor@rcspl.net

**નોટિસ**
સેબીના (લીસ્ટીંગ ઓબ્લીગેશન તથા ડિસકલોઝર રીકવાયરમેન્ટ) રેગ્યુલેશન, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૨૯ (૧) (એ) અન્વયે નોટિસ પાઠવવામાં આવે છે કે **તારીખ ૩૦ મે ૨૦૧૮ બુધવાર**ના રોજ કંપનીના બોર્ડ ઓફ ડિરેકટર્સની મિટિંગ મળશે. જેમાં તારીખ ૩૧મી માર્ચ ૨૦૧૮ ના રોજ પુરા થતા વર્ષના અંત ગાળા માટે ઓડીટેડ નાણાંકીય પરિણામો પર વિચારણા કરીને બહાલી આપવામાં આવશે.
વધુ વિગત કંપનીની વેબસાઈટ www.riddhicorporate.co in ઉપર તથા સ્ટોક એક્ષચેન્જની વેબસાઈટ www.bseindia.com ઉપર ઉપલબ્ધ છે.
રીધ્ધી કોર્પોરેટ સર્વિસીસ લિમિટેડ વતી
સ્થળ : અમદાવાદ સહી/- પ્રવિણચંદ્ર ગોર
તારીખ : ૨૨, મે ૨૦૧૮ મેનેજીંગ ડિરેકટર

**DECO-MICA LIMITED** Corporate Identify Number : L20299GJ1988PLCO10807
Regd. Office : 306, 3rd Floor, Iscon Mall, Star Bazar Building, Jodhpur Char Rasta, Ahmedabad - 380 015
**Standalone Audited Financial Results For The Quarter and Year Ended 31st March, 2018.** (Rs. in Lacs, except per share data)

| Sr No. | Particulars | Standalone: 3 months ended on 31/03/18 Audited | 3 months ended on 31/12/17 Unaudited | 3 months ended on 31/03/17 Audited | For The Year ended on 31/03/18 Audited | For The Year ended on 31/03/17 Audited |
|---|---|---|---|---|---|---|
| 1. | Total Income from Operations (net) | 1267.82 | 1162.45 | 1009.04 | 5266.60 | 3621.88 |
| 2. | Net Profit / (Loss) from ordinary activities before tax | 66.17 | 67.04 | 66.00 | 256.38 | 150.69 |
| 3. | Net Profit / (Loss) for the period after tax (after Extraordinary items) | 9.73 | 49.89 | 47.20 | 167.65 | 99.25 |
| 4. | Other Comprehensive Income / (Loss) | 0.18 | (3.26) | (0.67) | (3.08) | (3.54) |
| 5. | Paid Up Equity Share Capital (face value of Rs.10/- each) | 420.00 | 420.00 | 420.00 | 420.00 | 420.00 |
| 6. | Reserve (excluding Revaluation Reserves as shown in the Balance Sheet of previous year) | --- | --- | --- | --- | --- |
| 7. | Earnings Per Share (Before & After extraordinary items) (Face Value of Rs.10/- each) | | | | | |
| | Basic : EPS (Rs.) | 0.23 | 1.19 | 1.12 | 3.99 | 2.36 |
| | Diluted : EPS (Rs.) | 0.23 | 1.19 | 1.12 | 3.99 | 2.36 |

Note: The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites at www.bseindia.com and on Company's website at www.decomicaltd.com
Place : Ahmedabad By Order of the Board of **DECO-MICA LIMITED**
Date : 23/05/2018 **(Shri Vijaykumar Agarwal) Director**

**CORAL LABORATORIES LIMITED**
CORPORATE OFFICE: # 3B PATANWALA COMPOUND, OPP SHREYAS CINEMA, L.B.S MARG, GHATKOPAR (W), MUMBAI-400086
REGD OFFICE: SF-206, SILVER OAK COMPLEX, B.RC ROAD, VADODARA-390020
CIN NO. L24231GJ1997PLC031669 | Fax No: 022 25004893
Website: www.corallab.com | Email:cs@corallab.com | Tel No: 022-25005245/46

**EXTRACT OF STANDALONE AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED 31ST MARCH, 2018**
Rs. in Lacs (Except figures of EPS)

| Particulars | Quarter Ended 31.03.2018 (Audited) | 31.12.2017 (Unaudited) | 31.03.2017 (Audited) | Year Ended 31.03.2018 (Audited) | 31.03.2017 (Audited) |
|---|---|---|---|---|---|
| Total Income from Operations(net) | 2894.47 | 2048.85 | 3050.15 | 9694.07 | 9883.72 |
| Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items*) | 471.47 | 267.93 | 637.96 | 1804.94 | 2488.65 |
| Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items*) | 471.47 | 267.93 | 605.62 | 1804.94 | 2456.32 |
| Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items*) | 298.11 | 212.43 | 424.89 | 1244.58 | 1629.58 |
| Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | -1526.72 | -1037.14 | 875.74 | 932.81 | 4096.98 |
| Paid up Equity Share Capital | 357.26 | 357.26 | 357.26 | 357.26 | 357.26 |
| Reserves (excluding Revaluation Reserve) as shown in the Balancsheet of the previous year | 0 | 0 | 0 | 11276.33 | 10558.5 |
| Net worth | 0 | 0 | 0 | 11633.59 | 10915.76 |
| Paid up Debt Capital / Outstanding Debt | NA | NA | NA | NA | NA |
| Outstanding Redeemable Preference Shares | NA | NA | NA | NA | NA |
| Debt Equity Ratio | NA | NA | NA | NA | NA |
| Earnings Per Share (of Rs.10/- each) (for continuing and discontinued operations) - | | | | | |
| 1. Basic: | 8.34 | 5.95 | 11.89 | 34.84 | 45.61 |
| 2. Diluted: | 8.34 | 5.95 | 11.89 | 34.84 | 45.61 |

* There were no exceptional and extra ordinary item during the quarter and the year ended 31st March,2018
**NOTE**
1 Above Audited Financial Results were reviewed by the Audit Committee and thereafter approved by the Board of Directors at their meeting held on 23rd May,2018.
2 The above is an extract of the detailed format of Standalone Audited Financial results for the quarter and year ended 31st March,2018 filed with Stock Exchange on 23rd May,2018 under Reg 33 of SEBI (Listing Obligations & Disclosure Requirements)Regulations,2015.The full format of the Standalone Audited Financial Results are available on Stock Exchange website(www.bseindia.com) and the company website(www.corallab.com)
3 The Company has adopted Ind AS for the financial year commencing from 1st April,2017 and above results have been prepared in accordance with Ind AS, as prepared under section 133 of the Companies Act,2013 read with Rule 3 of the Companies (Accounting Standards) Rule,2015.
4 The Board of Directors has recommended 20% Dividend for the year 2017-2018 i.e Rs 2 on Equity Share of Rs 10/- each.
For and on behalf of the Board of Director of
**For CORAL LABORATORIES LIMITED**
**Sd/-**
**Sushma Chinchane**
Director
(DIN :07791735)
**Date : 23rd May, 2018**
**Place: Mumbai**